©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

**VOL. LXVI ]    THURSDAY, 26th JUNE, 2025/ASHADHA 05, 1947    [ Issue No. 26**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| PART | Pages |
|---|---|
| **PART - I**<br>Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appointments etc., | 611-616 |
| **PART - I - A**<br>Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil |
| **PART - I - B**<br>(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - II**<br>Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 1773-1932 |
| **PART - III**<br>Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

### જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની
કલમ-૧૬૩ અન્વયેનુ

### જાહેરનામુ

નં. એમએજી/સી/પ્લાસ્ટીક/જાહેરનામુ/૦૬/૨૦૨૫.-પ્રાદેશીક અધિકારી, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, જુનાગઢના પત્ર નં. ગુ.પ્ર.નિ.બોર્ડ/પ્રા.ક. જુનાગઢ/ટી-૨૬૧/૪૪૫૭/૨૦૨૫,તા.૧૦-૦૬-૨૦૨૫તથાપત્રનં.ગુ.પ્ર.નિ. બોર્ડ/પ્રા.ક.જુનાગઢ/ટી-૨૬૧/૪૪૫૬/૨૦૨૫, તા. ૧૦-૦૬-૨૦૨૫ થી રજુ થયેલ વિગતો મુજબ જાહેર જીવનમા ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટીકની કોથળીઓ, પ્લાસ્ટીકની થેલીઓની અંદર વધેલો ખાદ્ય પદાર્થ ખાવાથી પશુઓ મૃત્યુને ભેટેલ હોવાના અને પશુઓના પેટમાંથી પ્લસ્ટીકનો જથ્થો કાઢેલાના ઘણા કિસ્સાઓ ધ્યાનમાં આવેલા છે તેમજ પ્લાસ્ટીકની બેગ સાથે ખાદ્ય પદાર્થવાળી વસ્તુઓ ગટરોમાં નાંખવાથી ગટરો પેક થઈ જાય છે અને ગંદુ પાણી જાહેરમાં વહેવાના કારણે ગંદકી ફેલાતી હોવાથી જાહેર જનતા તરફથી પણ અવારનવાર પ્લાસ્ટીકની થેલીઓ પર પ્રતિબંધ મુકવા રજુઆત કરવામાં આવેલ છે.

પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ (એમેડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ના નિયમ-૪ ની જોગવાઈ મુજબ ૧૨૦ માઈક્રોન કરતા ઓછી જાડાઈ ધરાવતા પ્લાસ્ટીક કેરી બેગના ઉત્પાદન, સંગ્રહ, વેંચાણ અને વિતરણ પ્રતિબંધિત છે તેમજ પોલીસ્ટાયરીન અને એક્ષપાન્ડેબલ પોલીસ્ટાયરીન સહિતની પ્લાસ્ટીક સ્ટીક સાથે ઈયરબડસ, ફુગ્ગાઓ માટે પ્લાસ્ટીક દાંડી, પ્લાસ્ટીક ધ્વજ, કેન્ડી સ્ટીકસ, આઈસ્ક્રીમની દાંડી, પોલીસ્ટાઈરીન (થર્મોકોલ)ની સજાવટ સામગ્રી, પ્લેટો, કપ, ગ્લાસ, કોટા, ચમચી, ચાકુ, સ્ટ્રો જેવી કટલરી, મીઠાઈના ડબ્બા, નિમંત્રણ કાર્ડ તથા સીગારેટ પેકેટની આજુબાજુ પેક કરવા માટેની ફિલ્મો, ૧૦૦ માઈક્રોનથી ઓછી જાડાઈ વાળા પ્લાસ્ટીક અથવા પીવીસીના બેનર, અને સ્ટરર વિગેરે પ્રતિબંધિત છે.

ઉપરોકત વિગતો ધ્યાને લઈ પ્રતિબંધિત સીંગલ યુઝ પ્લાસ્ટીક (SUP) તેમજ ૧૨૦ માઈક્રોન કરતા ઓછી જાડાઈની પ્લાસ્ટીક કેરી બેગના ઉત્પાદન, સંગ્રહ વેંચાણ, વિતરણ અને ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવા જાહેરનામુ પ્રસિધ્ધ થવા દરખાસ્ત રજુ થયેલ છે. તેમજ પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તથા ચીફ ઓફિસરશ્રી, નગરાપાલિકા, વેરાવળ/ તાલાલા/સુત્રાપાડા/કોડીનાર/ઉના તરફથી પણ ૧૨૦ માઈક્રોન કરતા ઓછી જાડાઈની પ્લાસ્ટીક કેરી બેગ પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ પ્રસિધ્ધ થવા દરખાસ્ત રજુ થયેલ છે.

આમ, ઉપરોકત વિગતે રજુ થયેલ દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણા કરતા પ્રતિબંધિત સીંગલ યુઝ પ્લાસ્ટીક (SUP) તેમજ ૧૨૦ માઈક્રોન કરતા ઓછી જાડાઈ ધરાવતા પ્લાસ્ટીક કેરી બેગના કારણે પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય પર પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે ગંભીર આડઅસર થતી હોય જેથી તેના પર પ્રતિબંધ ફરમાવા અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવુ ઉચિત જણાય છે.

વાસ્તે હું એન. વી. ઉપાધ્યાય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હુકમ કરૂ છુ કે, પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ (એમેડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ના નિયમ-૪ ની જોગવાઈ મુજબ સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં પ્રતિબંધિત સીંગલ યુઝ પ્લાસ્ટીક (SUP) તેમજ ૧૨૦ માઈક્રોન કરતા ઓછી જાડાઈ ધરાવતા પ્લાસ્ટીક કેરી બેગના ઉત્પાદન, આયાત, સંગ્રહ, વેચાણ, વિતરણ અને ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવુ છુ.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ પર, સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધી કરી કરવાની રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામુ બહાર પડયા તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે તથા આ જાહેરનામુ અમલમાં આવ્યેથી જાહેરનામા ક્રમાંક : એમએજી/ સી/૯૮૨૨/૨૦૧૭, તા. ૦૬-૧૦-૨૦૧૭ રદ થયેલુ ગણાશે.

આજ તારીખ : ૧૧, માહે જુન, સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

ગીર સોમનાથ, ૧૧ માહે જુન, સને ૨૦૨૫.

**એન. વી. ઉપાધ્યાય**
જિલ્લા મેજીસ્ટ્રેટ
ગીર સોમનાથ.

---

### ઈ. ચા. પોલીસ કમિશ્નર દ્વારા

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ**

### જાહેરનામું

ક્રમાંક : એસબી/૧૪/લોકરક્ષક પરીક્ષા/જાહેરનામું/૨૨૪૩/૨૦૨૫.-ગુજરાત ગુજરાત પોલીસ ભરતી બોર્ડ (GPRB) ગાંધીનગર દ્વારા લોકરક્ષક કેડરની-૨૦૨૫ ની લેખિત પરીક્ષા શહેરમાં અલગ-અલગ શાળા-કોલેજોમાં કુલ-૧૪૯ કેન્દ્રોમાં તા. ૧૫-૦૬-૨૦૨૫ ના રોજ કલાક ૦૯-૩૦ થી કલાક ૧૨-૩૦ વાગ્યા દરમ્યાન લેવાનાર છે.

આ પરીક્ષામાં પરીક્ષાર્થીઓ કોઈપણ જાતની ખલેલ વિના પરીક્ષા મુકત અને શાંત વાતાવરણમાં આપી શકે તેમજ બહારના કોઈ તોફાની તત્વો આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને ખલેલ પહોંચાડે નહી તથા પરીક્ષા દરમ્યાન કોઈ ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહી તે માટે તા. ૧૫-૦૬-૨૦૨૫ ના રોજ કલાક ૦૮-૦૦ થી કલાક ૧૩-૩૦ વાગ્યા સુધી શહેરના જે જે પરીક્ષા કેન્દ્રો (શાળાઓ, કોલેજો) માં પરીક્ષા લેવાનાર છે. તે તે કેન્દ્રો (શાળાઓ, કોલેજો)ના કંપાઉન્ડમાં તેમજ તેની ચારેય બાજુની ત્રિજ્યામાં ૧૦૦ મીટરની ત્રીજયાના વિસ્તારમાં પરીક્ષાર્થીઓને ખલેલ ન પડે તે માટે કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ એકત્રિત થશે નહી કે શાળાઓ, કોલેજો (કેન્દ્રો) માં પ્રવેશ કરશે નહી કે વાહન લઈ જઈ શકશે નહી કે લાવશે નહી કે ચારથી વધુ માણસો ભેગા થશે નહી કે વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જઈ શકે નહી તેમજ ઝેરોક્ષ મશીનો બંધ રાખવા વિગેરે બાબતોને લઈને પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું, મહેન્દ્ર બગડીયા, (આઈ.પી.એસ.), ઈ.ચા. પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તા અને અધિકારીની રૂએ અધિક પોલીસ કમિશ્નરથી પોલીસ હેડ કોન્સટેબલ સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે. તેમજ નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર તા. ૧૫-૦૬-૨૦૨૫ ના કલાક ૦૮-૦૦ થી કલાક ૧૩-૩૦ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

**: પ્રતિબંધિત કૃત્યો :**

(૧) રાજકોટ શહેર વિસ્તારમાં જે જે શાળાઓને પરીક્ષા કેન્દ્ર તરીકે નક્કી કરવામાં આવેલ છે તે શાળાઓ (પરીક્ષા કેન્દ્રો) કંપાઉન્ડની ચારે બાજુની ત્રિજ્યાના ૧૦૦ મીટરના વિસ્તારમાં અનઅધિકૃત વ્યકિતઓ એકત્રીત થશે નહીં.

(૨) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ સ્ટેશનર્સ કે વેપારીઓ ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહીં કે શાળાઓમાં સંચાલકો ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહીં.

(૩) શાળાઓની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ વ્યકિત વાહનો લાવશે નહી કે શાળાઓમાં વાહનો લઈ જઈ શકશે નહીં.

(૪) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની ૧૦૦ મીટરની ત્રીજયામાં ચાર કે તેથી વધારે વ્યકિતઓ ભેગા થશે નહીં.

(૫) શાળા (પરીક્ષા કેન્દ્ર)માં પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્રને લગતુ સાહિત્ય, પુસ્તક, ગાઈડ, ચાર્ટ, મોબાઈલ ફોન, ટેબ્લેટ, I-Pad, સ્માર્ટ વોચ, જેવા ડીજીટલ ઉપકરણો વિગેરે પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઈ જવા નહી તેમજ સુપરવાઈઝરોએ પણ પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન લઈ જવા નહી.

(૬) શાળા (પરીક્ષા કેન્દ્રો) ના સ્થળ સંચાલક, સુપરવાઈઝર (ખંડ નિરીક્ષકો), સરકારી પ્રતિનિધિ અને વર્ગ-૪ ના પરીક્ષા કેન્દ્રોના બિલ્ડીંગમાં ફરજ બજાવતા કર્મચારીઓએ ચોકસાઈ પુર્વકનું ઓળખકાર્ડ સાથે રાખવાનું રહેશે તે ઓળખકાર્ડ સંબંધિતોએ પહેરવાનું રહેશે. ઓળખકાર્ડ સિવાયની કોઈપણ વ્યકિત શાળાના (પરીક્ષા કેન્દ્રો) બિલ્ડીંગમાં પ્રવેશ કરી શકશે નહી.

(૭) શાળા (પરીક્ષા કેન્દ્ર) આજુબાજુની ૧૦૦ મીટરની ત્રીજયામાં લાઉડ સ્પીકર વગાડી શકાશે નહી.

**: વિસ્તાર :**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હુકમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રો.

**: અપવાદ :**

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

(૧) સ્થાનિક સતાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિત સમુહ, તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ ઓળખપત્ર ધરાવતી વ્યકિતઓ.

(૨) કોઈ લગ્નના વરઘોડાને (શરતોને આધીન મંજુરી મેળવેલ)

(૩) કોઈ સ્મશાન યાત્રાને.

(૪) ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડ/જી.આર.ડી.ના અધિકારી તથા જવાનોને.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ શીક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશનના પો.શ્રી તથા મદદનીશ પોલીસ ઈન્સ. કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી.

આજ રોજ તા. ૧૦-૦૬-૨૦૨૫ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૦ માહે જુન, સને ૨૦૨૫.

**મહેન્દ્ર બગડીયા**
ઈ. ચા. પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર,
રાજકોટ.

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

Letter No. DRCSJNG/0003/06/2025.-

**નીચે મુજબની મંડળીઓ જણાવેલ નોંધણી નંબર થી સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓ-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે જણાવેલ તારીખે નોંધવામાં આવી.**

| Cooperative Society Name | Place | Taluka | District | Registration Number | Registration Date |
|---|---|---|---|---|---|
| શ્રી જુનાગઢ તાલુકા ખેત ઉત્પાદક સ. મં. લી. | જુનાગઢ | જુનાગઢ | જુનાગઢ | REG/JUN/SE(FPO)/49854/2025 | 29-05-2025 |

જુનાગઢ, ૦૩ માહે જુન, સને ૨૦૨૫.

સહિ/- અવાચ્ય
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ, જુનાગઢ.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No.:DRCSRJ/0034/06/CSRAJSESH202500697.-જિલ્લા રજીસ્ટ્રાર, સ. મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, રાજકોટ કેપીટલ ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૦૯ માહે જુન, સને ૨૦૨૫.

---

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં DT : 21-07-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/51/2005/NSB/12/2002/3011/CH અને DT : 26-08-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/62/2011/NSB/12/2002/3011/CH.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : સપવ/ગ-૨/૮૫૧/૨૦૨૩, તારીખ ૧૦-૧૦-૨૦૨૩ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

## અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૩૩૨ થી ૩૫૦/૨૦૨૫.-આથી હું, ડૉ. બી. એન. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ-(૨) ના જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂએ તેમજ આમુખમાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ શ્રી માટેલ મજુર બાંધકામ સહકારી મંડળી લી., મું. મુંગાવાવડી, તા. ગોંડલ, જિ. રાજકોટ નોંધણી નંબર : ઉ-૧૨૬૦૧, તારીખ : ૦૮-૦૬-૨૦૦૯ ને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા કરેલ વચગાળાના આદેશને કલમ-૧૦૭(૩) અન્વયે બહાલી આપતો આદેશ કરૂં છું.

તેમજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે અત્રેની કચેરીના આર. વી. ઉપાધ્યાય, લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણુંક કરૂં છું. જે અન્વયે સદરહુ મંડળીનાં ફડચા અધિકારીએ મંડળીની ફડચા અંગેની તમામ કામગીરી સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

રાજકોટ, ૦૯ માહે જુન, સને ૨૦૨૫.

ડૉ. બી. એન. પટેલ
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ,
રાજકોટ.

---

## મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0033/05/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, ગ્રીનફિલ્ડ ગાર્ડનસ ટાવર એ એન્ડ બી કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ તા. રાજકોટ જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202500640, DATE 29-05-2025 છે.

રાજકોટ, ૨૯ માહે મે, સને ૨૦૨૫.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0031/05/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, ગ્રીનફિલ્ડ ગાર્ડનસ ટાવર સી કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ તા. રાજકોટ જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની

કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202500639, DATE 29-05-2025 છે.

રાજકોટ, ૨૯ માહે મે, સને ૨૦૨૫.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0029/05/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, સ્વયમ સીટી કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ તા. રાજકોટ જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202500638, DATE 29-05-2025 છે.

રાજકોટ, ૨૯ માહે મે, સને ૨૦૨૫.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0007/06/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, ફોર્ચ્યુન એલેકસા કોમર્શીયલ કો-ઓપરેટીવ સર્વિસ સોસાયટી લી. રાજકોટ તા. રાજકોટ જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSACO202500684, DATE 05-06-2025 છે.

રાજકોટ, ૦૫ માહે જુન, સને ૨૦૨૫.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0005/06/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, એટલાન્ટીસ હીલ્સ રેસીડેન્સીયલ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ તા. રાજકોટ જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202500683, DATE 05-06-2025 છે.

રાજકોટ, ૦૫ માહે જુન, સને ૨૦૨૫.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0003/06/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, તુલસી ઈમ્પેરીયા રેસીડેન્સીયલ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ તા. રાજકોટ જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202500682, DATE 05-06-2025 છે.

રાજકોટ, ૦૫ માહે જુન, સને ૨૦૨૫.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0017/06/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, માધવ વિહાર કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ તા. રાજકોટ જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202500718, DATE 10-06-2025 છે.

રાજકોટ, ૧૦ માહે જુન, સને ૨૦૨૫.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0014/06/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, સનસ્ટાર પ્રાઈડ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ તા. રાજકોટ જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSAHAA202500716, DATE 10-06-2025 છે.

રાજકોટ, ૧૦ માહે જુન, સને ૨૦૨૫.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0019/06/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, પિતૃ આશિષ કોમર્શીયલ કો-ઓપરેટીવ સર્વિસ સોસાયટી લી. મુ. ખીરસરા, તા. લોધીકા, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSACO202500726, DATE 11-06-2025 છે.

રાજકોટ, ૧૧ માહે જુન, સને ૨૦૨૫.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0021/06/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, વિન્ડસર ગાર્ડનસ કોમર્શીયલ કો-ઓપરેટીવ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તા. રાજકોટ જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯

(૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSACO202500727, DATE 11-06-2025 છે.

રાજકોટ, ૧૧ માહે જુન, સને ૨૦૨૫.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0023/06/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, શ્રી વાલ્મીકી ઋષિ કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦)ની કલમ-૯ (૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJGH202500760, DATE 16-06-2025 છે.

રાજકોટ, ૧૬ માહે જુન, સને ૨૦૨૫.

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. ADRCSHRJ/0012/06/2025.-શ્રી મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), રાજકોટ, આથી જાહેર કરેલ છે કે, શ્રી કોપર ગ્રીન કોર્નર કોમર્શીયલ કો-ઓપરેટીવ સર્વિસ સોસાયટી લી. રાજકોટ તા. રાજકોટ, જિ. રાજકોટની ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ નો ગુજરાત કાયદો-૧૦) ની કલમ-૯ (૧)(અ) અન્વયે આજ રોજ નોંધણી કરવામાં આવી. જેનો નોંધણી નંબર : CSRAJSACO202500715, DATE 10-06-2025 છે.

રાજકોટ, ૧૦ માહે જુન, સને ૨૦૨૫.

**વાય. ડી. દુધાત્રા**

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ (હાઉસીંગ),
રાજકોટ.

---

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.06.26 13:15:27 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot